**<u>મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતનાં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.</u>**

**ફોજદારી કેસ નં.૩૫૬/૨૦૨૪**

**આંક–૭**

**ફરિયાદી : – નામદાર સરકારી શ્રમ તરફે શ્રી એમ.એલ.પટેલ**
**કારખાના નિરીક્ષક, અમદાવાદ.**
નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થયની કચેરી,
૩/૫ મો માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**આરોપી :– શ્રી અમીત કીરીટભાઈ શાહ (મેનેજર)**
**અરવિંદ લિ. (ડીવીઝન અંકુર ટેક્ષટાઈલ)**
**રાયપુર દરવાજાની બહાર, અમદાવાદ.**

**ગુન્હો :– કારખાના અધિનિયમ ૧૯૪૮ ની કલમ–૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

---

**ફરિયાદી તરફે.** ગેરહાજર
**આરોપી તરફે** જાતે.

---

**<u>–:: ઠ રા વ ::–</u>**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીએ તા.૩૦/૧/૨૦૨૪ નાં રોજ ના રોજ સદરહુ કારખાનાની મુલાકાત લેતાં, આરોપીએ **કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૨૮(૧)(બી) નાં ભંગ બદલ** જે કારખાના અધિનિયમ–૧૯૪૮ ની **કલમ–૯૨** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.જે ફરીયાદની ટૂંક હકીકત એવી છે કે સંસ્થામાં કામગીરી દરમ્યાન શ્રમ યોગી ભૂપેન્દ્રભાઈ ગજાનંદ ભાવસારને ઈજા થતા મરણ ગયેલ હોવા બાબતનો ગુનો છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતાં અત્રેની કોર્ટ ધ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત ધ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી સંસ્થા વતી આરોપીનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી અમિત કે. શાહ** જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે. ગુજરનાર ભૂપેન્દ્રભાઈ ગજાનંદભાઈ ભાવસારના વારસદારોને વળતરની રકમ તથા પી.એફની રકમ કુલ મળી રૂા. ૧૨,૬૬,૮૬૮/– ચુકવી આપ્યા અંગેના પુરાવા આરોપીએ આંક ૪ ના લીસ્ટથી રજુ કરેલ છે તે મુજબ ગુજરનારના

વારસદારોને વળતર ચુકવી દીધેલ હોવાનું જણાય છે.

(૪) હાલનાં કામે તહોમતદારનાં ઓથોરાઈઝડ પરસન **શ્રી અમિત કે. શાહ** એ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતાં હોવાનું જણાવે છે, ત્યારબાદ તમામ તહોમતદાર વતી તેમનાં ઓથોરાઈઝડ પરસન**શ્રી અમિત કે. શાહ ની** પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ તેઓ આ કામે તહોમતદાર કંપનીનાં ઓથોરાઈઝડ પરસન તરીકે હાલનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ, આ કામે તહોમતદાર કંપની તેમનાં ઓથોરાઈઝડ પરસન વતી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતાં, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયના હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## --:: હુ ક મ ::--

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે **કારખાના ધારા ૧૯૪૮ ની કલમ ૨૮(૧)(બી)ના ભંગ** બદલ કારખાના ધારાની **કલમ–૯૨** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને નિયમના ભંગ બદલ **રૂ.૫૦,૦૦૦/–(અંકે રૂપિયા પચાસ હજાર પુરા)** નો દંડ ભરવાનો અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી તરફે ઓથોરાઈઝડ પરસન **શ્રી અમિત કે. શાહ** દંડની રકમ ભરવાનો કસુર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ જરૂરી નિયમોની ક્ષતિની પુર્તતા કરી દિન–૩૦ માં સંબંધિત કચેરીને જાણ કરવી.

૪) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯/૦૩/૨૦૨૪ નાં રોજ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ :૦૯/૦૩/૨૦૨૪
સ્થળ : અમદાવાદ.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

ARPITA PATEL,(P.A.)